# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

# Cover -1

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

**કામનું નામ** :- સુરત મહાનગરપાલિકાના સાઉથ– એ (ઉધના) ઝોન અને સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ બી.આર.ટી.એસ. કોરીડોર પર વિવિધ લોકેશનો પર ૦૮ નંગ ટીકીટ કેબીન બનાવી મૂકવાનું કામ.

| | | |
|---|---|---|
| ૧ | અંદાજીત રકમ | – |
| ૨ | બાનાની રકમ (EMD) | રૂા.૧૨,૫૦૦–૦૦ પૈ. |
| ૩ | ભાવ પત્રક જમા કરવાની તારીખ | તા.૨૧/૦૫/૨૦૨૬ નાં રોજ સવારે ૧૧–૦૦ કલાક થી<br>તા.૦૫/૦૬/૨૦૨૬ નાં રોજ સાંજે ૫–૦૦ કલાક સુધી |
| ૪ | ભાવ પત્રક જમા કરવાની કચેરી (રજીસ્ટર / સ્પીડપોસ્ટ / હાથોહાથ) | મુખ્યા હિસાબી શાખા,<br>શ્રી તાપીભવન – સુરત મહાનગર સેવાસદન,<br>ગોરધનદાસ ચોખાવાલા માર્ગ, શ્રી તાપીપુરા,<br>સુરત–૩૯૫૦૦૩. |
| ૫ | લાયકાત | સીવીલ કામગીરીના અનુભવી |
| ૬ | કામની સમય મર્યાદા | ૦૬ (છ) માસ (ચોમાસા સહિત) |

**કાર્યપાલક ઈજનેર**
**બી.આર.ટી.એસ. પ્રોજેકટ**
**સુરત મહાનગરપાલિકા**

સદર ભાવપત્રક અંગેની વિસ્તૃત માહિતી સુરત મહાનગરપાલિકાની ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ ની કચેરી ખાતેથી કામકાજના દિવસો/સમય દરમ્યાન ઉપલબ્ધ થઈ શકશે.

# સુરત મહાનગરપાલિકા


## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: ટેકનીકલ બીડ :–

### પરિશિષ્ટ–૧. ભાવપત્રકની શરતો :–

| | |
|---|---|
| ૧. | શરતી ભાવપત્રક રદ થવાને પાત્ર રહેશે. |
| ૨. | નિયત સમયમર્યાદા બાદ આવેલ ભાવપત્રકો સ્વીકારવામાં આવશે નહી. |
| ૩. | બાનાની રકમ (EMD) ફકત કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામના ડીમાન્ડ ડ્રાફટ અથવા પે ઓર્ડર થી જ સ્વીકારવામાં આવશે. |
| ૪. | રજીસ્ટ્રેશન સર્ટીફિકેટ / સંસ્થાનું નોંધણી પત્રક રજુ કરવાનું રહેશે. |
| ૫. | જો ઈજારદાર ભાગીદારી પેઢી હોય તો અસલ ભાગીદારી કરારની ઝેરોક્ષ કોપી (પ્રમાણિત નકલ) રજુ કરવાના રહેશે. |
| ૬. | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન ફરજીયાતપણે રજુ કરવાનું રહેશે. |
| ૭. | ઈજારદારે સદર ભાવપત્રકમાં સુચિત કરેલ જગ્યાએ પોતાના સહી–સિકકા કરી રજુ કરવાના રહેશે. ભાવપત્રકના કોઈ કાગળ કાંઢી લેવામાં આવેલ હોય અથવા સહી–સિકકા કરેલ ન હોય તો ભાવપત્રક રદ બાતલ ગણવામાં આવશે. તેમજ બાનાની રકમ (EMD) જપ્ત કરવામાં આવશે. |
| ૮. | ભાવપત્રકમાં જણાવ્યા મુજબની વિગતો તથા ડોકયુમેન્ટસ નિયત કવરમાં અચુક સામેલ રાખવા. આ વિગતો વિના રજુ થયેલ ભાવપત્રક ધ્યાનમાં લેવામાં આવશે નહી. ભાવપત્રક રદ થવા પાત્ર રહેશે. |
| ૯. | ઈજારદારે સદર ભાવપત્રક જમા કરતી વખતે નીચે મુજબની વિગતે ૦૩(ત્રણ) **સીલબંધ કવર** જમા કરાવવાના રહેશે.<br>Cover - 1 :– ટેકનીકલ બીડ, માંગ્યા મુજબના તમામ ડોકયુમેન્ટસ, EMD ની રકમ વિગેરે.<br>Cover - 2 :– પ્રાઈસ બીડ<br>Cover - 3 (મુખ્ય કવર) :– Cover - 1 અને Cover - 2 |
| ૧૦. | સદર ભાવપત્રકની વેલીડીટી, પ્રાઈસબીડ (Cover - 2) ખુલ્યાની તારીખથી ૧૨૦ (એકસોવીસ) દિવસ સુધી ગણવાની રહેશે. |
| ૧૧. | ભાવપત્રક મળ્યા બાદ જયાં સુધી ભાવપત્રક અંગે સક્ષમ સત્તાની મંજુરી મળે નહી ત્યાં સુધી બધા જ ઈજારદારોની બાનાની રકમ (EMD) જમા રાખવામાં આવશે. ભાવપત્રક રદ કરવા બાબતે / કામની સોંપણી બાબતે સુરત મહાનગરપાલિકાના સક્ષમ સત્તાનો નિર્ણય આખરી રહેશે. |

| | |
|---|---|
| ૧૨. | **સક્ષમ સત્તાની મંજુરી મુજબ કામની સોંપણી થયેલ ઈજારદાર ધ્વારા ટેન્ડર રકમની ૨% મુજબની રકમ ઈનીશીયલ સીકયુરીટી ડીપોઝીટ પેટે જમા કરાવ્યેથી તમામ ઈજારદારોની બાનાની રકમ (EMD) છુટી કરવામાં આવશે.** |
| ૧૩. | **સુરત મહાનગરપાલિકાના સાઉથ– એ (ઉધના) ઝોન અને સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ બી.આર.ટી.એસ. કોરીડોર પર વિવિધ લોકેશનો પર રસ્તાની મધ્યમાં અથવા રસ્તાની સાઈડ પર/ ફૂટપાથ પર સ્થળ સ્થિતિને અનુરૂપ ટીકીટ કેબીન બનાવી મૂકવાની રહે છે. ટીકીટ કેબીન બનાવી નકકી થયા મુજબના લોકેશન પર ટ્રાન્સપોર્ટ / કાર્ટીંગ કરી ફાઉન્ડેશન તૈયાર કરવા સહિતની તમામ જવાબદારી ઈજારદારશ્રીએ સ્વખર્ચે કરવાની રહેશે.**<br>**આ માહિતી ફકત માર્ગદર્શન માટે છે.** |
| ૧૪. | આ કામની સમયમર્યાદા વર્કઓર્ડરની તારીખના અગિયારમા દિવસથી ૦૬ (છ) માસ (ચોમાસા સહિત) ગણવાની રહેશે. |
| ૧૫. | કરારનામા, અન્ડરટેકીંગ અને જામીનગીરી માટે ગુજરાત રાજયના પ્રવર્તમાન નિયમો મુજબના સ્ટેમ્પ પેપર ઈજારદારશ્રીના ખર્ચે રજુ કરી કાર્યવાહી કરવાની કરવાનું રહેશે. |
| ૧૬. | સમયમર્યાદા પૂર્ણ થઈ જાય અને મંજુર ટેન્ડર રકમ મુજબની કામગીરી પૂર્ણ થયેલ ન હોય તો થયેલ કામગીરી મુજબ ફાયનલ બીલનું ચુકવણુ કરી ઈજારો પૂર્ણ કરવામાં આવશે. જો ઈજારદાર ઈચ્છુક રહેશે અને સમયમર્યાદા લંબાવવા રજુઆત કરશે તો સક્ષમ સત્તાની મંજુરીથી ઈજારો લંબાવી શકાશે. |
| ૧૭. | જરૂરી એવા વેચાણવેરો તથા વખતોવખત લાગુ પડતા અન્ય કોઈપણ પ્રકારના રાજય / કેન્દ્ર સરકારનાં તથા સુરત મહાનગરપાલિકાના વેરાઓ ભરવાની જવાબદારી ઈજારદારની પોતાની રહેશે. તે માટે મહાનગરપાલિકા જવાબદાર રહેશે નહી. |
| ૧૮. | રનીંગ બીલોમાંથી ૨% સીકયુરીટી ડીપોઝીટ, ૫% રીટેન્શન મની ડીપોઝીટ અને ૧% કન્સ્ટ્રકશન સેસની કપાત કરવામાં આવશે. કામગીરી પૂર્ણ થયેથી ફાયનલ બીલની સાથે રીટેન્શન મની ડીપોઝીટ છુટી કરવામાં આવશે. ફાયનલ બીલનું ચુકવણુ થયેથી તથા કોઈપણ ઓડિટ ઓબ્જેકશન ન મળ્યેથી/ પેન્ડીંગ રહયેથી ઈનીશીયલ સીકયુરીટી ડીપોઝીટ અને સીકયુરીટી ડીપોઝીટ છુટી કરવામાં આવશે. |
| ૧૯. | કામગીરી દરમ્યાન જાહેર જનતાને હેરાનગતિ ન થાય તેની સંપુર્ણ તકેદારી ઈજારદારે રાખવાની રહેશે. અને તેમ છતાં જો કોઈ મુશ્કેલી, નુકશાન, જાનહાનિ કે નડતરરૂપ વિગેરે થાય તો તેની જવાબદારી ઈજારદારની રહેશે. કોઈપણ અજુગતો બનાવ બને તો તેની તમામ જવાબદારી ઈજારદારની રહેશે. ટુંકમાં, સલામતી અંગેની સંપુર્ણ જવાબદારી ફકત અને ફકત ઈજારદારની રહેશે. જે અંગે કોઈ પણ જાતની જવાબદારી સુરત મહાનગરપાલિકાની રહેશે નહી. |
| ૨૦. | આ કામ શરૂ કરવા માટે કામની લાઈન, માર્ગદર્શન, સલાહસુચન મેળવવા અત્રેના ખાતાના સંબંધિત ડે.ઈજનેરશ્રી / આસી.ઈજનેરશ્રી / જુની.ઈજનેરશ્રીનો સંપર્ક સાધવાનો રહેશે. |
| ૨૧. | ભાવપત્રકમાં જણાવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અંગે ઈજારદારની કોઈ પણ પ્રકારની રજુઆતને ગ્રાહય રાખી શકાશે નહી. |
| ૨૨. | **ઉકત દર્શાવેલ પૈકી કોઈ પણ શરતનો ભંગ થયેથી ઈજારદારની સીકયુરીટી ડીપોઝીટ જપ્ત થવા પાત્ર રહેશે અને ઈજારો ટર્મીનેટ કરવામાં આવશે. જેની સ્પષ્ટ નોંધ લેવી.** |




## પરિશિષ્ટ–૨. Technical Specifications (for reference)

| Sr No. | Item | Quantity |
|---|---|---|
| 1 | 4' x 3' uPVC Window with 5mm toughened glass and Safety Grill | 1 |
| 2 | Glass wool insulation on all 4 walls & Ceiling (50 mm thick 24 kg/m3) | As per Size |
| 3 | 6'6" x 2'6" Insulated Door with glass wool 50mm thick and 24 kg/m3 | 1 |
| 4 | Weather shed 1.2 mm thick for all windows & door | 2 |
| 5 | 9 mm thick Particle Board sheet on 4 walls & Ceiling | As per Size |

| | | |
|---|---|---|
| 6 | 18 mm Fiber cement sheet for flooring | As per Size |
| 7 | 1.5 Vinyl Carpet top for flooring | As per Size |
| 8 | 15W LED Panel Light | 1 |
| 9 | 12” Cabin Fans | 1 |
| 10 | 5 Amps Sockets & Switch | 5 |
| 11 | Main switch – Internal (MCB) (L&T) | 1 |
| 12 | External Corrugated sheet of 18 gauge (AMNS/Tata or equivalent) | As per Size |
| 13 | 6” Independent plus size legs for grouting | 4 |
| 14 | 12mm heavy round bar frame for foundation at site | 1 |
| 15 | LED Illumination fitment on all 4 top sides | As per Size |
| 16 | 12mm Toughened glass 5.5' x 4' with 9"(L) x 9”(H) cutout with rain cover | 1 |
| 17 | ACP Panel 2.5’ x 4’ | 1 |
| 18 | 4’ x 18” work station with drawer, cupboard and sliding keyboard | 1 |
| 19 | Fixed office chair | 1 |
| 20 | Providing & laying C.C 1:3:6 (1cement :3 coarse sand :6 Crushed stone agg 20m.m Nominal size)&curing comp. excl. cost of form work in :(a) foundation& Plinth | As per Size |

**કાર્યપાલક ઈજનેર**
**બી.આર.ટી.એસ. પ્રોજેકટ**
**સુરત મહાનગરપાલિકા**

ઉપરોકત નિયમો વાંચી આ સાથે બાનાની રકમ (EMD) ના રૂા.૧૨,૫૦૦–૦૦ પૈ. નો કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો ડિમાન્ડ ડ્રાફટ/પેઓર્ડર સામેલ કરવાનો રહેશે.
**(નોંધ : બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર ટેકનીકલ બીડના કવર(કવર–૧) માં બિડાણ કરવાનો રહેશે. ટેકનીકલ બીડ સાથે બાનાની રકમનો ડિમાન્ડ ડ્રાફટ / પે ઓર્ડર સામેલ ન હશે તો પ્રાઈસ બીડ ખોલવામાં આવશે નહી. ભાવપત્રક રદ ગણવાનું રહેશે.)**

**ઉપરોકત તમામ સુચનાઓ મેં વાંચી છે અને તે જાણમાં લીધી છે. તમામ શરતો મને બંધનકર્તા રહેશે.**

**ઈજારદારની સહી અને સિકકો :–**

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

**કામનું નામ :–** સુરત મહાનગરપાલિકાના સાઉથ– એ (ઉધના) ઝોન અને સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ બી.આર.ટી.એસ. કોરીડોર પર વિવિધ લોકેશનો પર ૦૮ નંગ ટીકીટ કેબીન બનાવી મૂકવાનું કામ.

ઈજારદારનું નામ :–

સરનામુ :–

ઈજારદારના સહી સિકકા સાથે ફોટા

| | | | |
|---|---|---|---|
| પાર્ટનરશીપ ફર્મ/એજન્સી | માટે દરેક પાર્ટનરનાં | ફોટા સહી સાથે | અહીં ચોંટાડવા |

| પાર્ટનરના સહીના નમુના | સરનામું : |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |
| ૪. | |

**નોંધ :–** પાર્ટનરશીપ ફર્મ/એજન્સી માટે રજીસ્ટર કરાવેલ પાર્ટનરશીપ એગ્રીમેન્ટ જોડવા ફરજીયાત છે.

કાર્યપાલક ઈજનેર
બી.આર.ટી.એસ. પ્રોજેકટ
સુરત મહાનગરપાલિકા

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: પ્રાઈસ બીડ :–

# Cover -2

# સુરત મહાનગરપાલિકા

## ટ્રાફિક–બી.આર.ટી.એસ. પ્રોજેકટ સેલ

## –: પ્રાઈસ બીડ :–

**કામનું નામ :–** સુરત મહાનગરપાલિકાના સાઉથ– એ (ઉધના) ઝોન અને સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ બી.આર.ટી.એસ. કોરીડોર પર વિવિધ લોકેશનો પર ૦૮ નંગ ટીકીટ કેબીન બનાવી મૂકવાનું કામ.

| અ.નં. | કામની વિગત | ૦૮(આઠ) નંગ ટીકીટ કેબીન માટે પ્રતિ ૦૧(એક) નંગ ટીકીટ કેબીન બનાવી મૂકવાનો ભાવ રૂા. (GST સિવાય) |
|---|---|---|
| ૧ | સુરત મહાનગરપાલિકાના સાઉથ– એ (ઉધના) ઝોન અને સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારમાં આવેલ બી.આર.ટી.એસ. કોરીડોર પર વિવિધ લોકેશનો પર ૦૮ નંગ ટીકીટ કેબીન બનાવી મૂકવાનું કામ. | અંકોમાં રૂા.................................................. |
| | | શબ્દોમાં...................................................... ................................................................. |

ઈજારદારશ્રીએ GST સિવાયનો ભાવ ભરવાનો રહેશે. લાગુ પડતું GST અલગથી ચૂકવવામાં આવશે.

ઉપરોકત ભાવપત્રક માટે સુરત મહાનગરપાલિકાની શરતો અને નિયમો મને બંધનકર્તા રહેશે.

**ઈજારદારની સહી અને સિકકો :–**

**કાર્યપાલક ઈજનેર**
**બી.આર.ટી.એસ. પ્રોજેકટ**
**સુરત મહાનગરપાલિકા**